વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦**
ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેકસ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬ e-mail : dee@nau.in, Website : www.nau.in

# પરિપત્ર

જયભારત સહ જણાવવાનું કે, રાજય સરકારશ્રી તરફથી વર્ષ ૨૦૧૪–૧૫ ને **કૃષિ વિકાસ વર્ષ** તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ બાબતે સરકારશ્રી તરફથી રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓને નીચે દર્શાવેલ બે મુદ્દાઓ પરત્વેની કામગીરી સોંપવામાં આવેલ છે.

(૧) કૃષિ નિષ્ણાંતોને જુદા જુદા રાજયો તથા દેશોમાંથી બોલાવી વૈજ્ઞાનિકો, અધિકારીઓ તથા ખેડૂતોને જુદા જુદા વિષયો ઉપર લેકચર આપે તે માટે આયોજન કરવું.

(૨) મહિલા ખેડૂતો માટે ખાસ તાલીમ કાર્યક્રમો ઘડવા.

ઉપરોકત બે મુદ્દાઓની ચર્ચા કરવા માટે તા.૨૩/૦૭/૨૦૧૪ના રોજ ગાંધીનગર ખાતે બેઠક મળેલ હતી. બેઠકમાં નકકી થયા મુજબ આ સાથે સામેલ પરિશિષ્ટ–૧ અને પરિશિષ્ટ–૨માં દર્શાવ્યા મુજબની કામગીરી આપણી યુનિવર્સિટી એ હાથ ધરવાની રહે છે. આ માટે જે તે વિભાગોના વડાઓએ તેઓને ફાળવેલ વિષય પર તાલીમ/સેમિનાર/પરિસંવાદ વિ. કાર્યક્રમોનું સત્વરે આયોજન કરીને બહારના રાજયો/દેશોમાંથી બોલાવવામાં આવનાર વ્યાખ્યાતાનું નામ અને સરનામાની વિગત **તા.૧૪/૦૮/૨૦૧૪** પહેલાં અત્રેની કચેરીને મોકલી આપવી. આ માટે રાજય સરકારશ્રી તરફથી કોઈ અલાયદી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ ન હોઈ જે તે વિભાગે પોતાના વિભાગના બજેટ સદરે ખર્ચ કરવાનો રહેશે.

યુનિવર્સિટી દ્વારા થયેલ કામગીરીનો પ્રગતિ અહેવાલ અત્રેથી દર માસે રાજય સરકારશ્રીને મોકલવાનો હોઈ જે તે વિભાગે તેઓને ફાળવવામાં આવેલ કાર્યક્રમ પુરો થાય કે તુરત જ તેનો અહેવાલ નીચેના પ્રફોર્મામાં હાર્ડકોપી તથા ઈ–મેઈલ : dee@nau.in થી અત્રેની કચેરીમાં મોકલી આપવાનો રહેશે. આ માટેની જવાબદારી જે તે વિભાગના વડાની રહેશે. અહેવાલ મોકલતી વખતે નીચે આપેલ ઉદાહરણ મુજબ માહિતી તૈયાર કરીને મોકલવા વિનંતી છે.

| અ.નં. | વ્યાખ્યાનનો વિષય | કાર્યક્રમનો પ્રકાર | તારીખ | લાભાર્થીઓની સંખ્યા | બહારથી બોલાવવામાં આવેલ વ્યાખ્યાતાનું નામ અને સરનામું | આયોજક વિભાગ/કેન્દ્ર |
|---|---|---|---|---|---|---|
| ૧ | આદર્શ પશુપાલન વ્યવસ્થાપન | સેમિનાર | ૧૦/૧૦/૨૦૧૪ | પશુપાલકો : ૮૫<br>વૈજ્ઞાનિકો : ૨૩ | ABC | વનબંધુ વેટરીનરી કોલેજ, નવસારી |

ઉપરોકત પરિપત્ર મા.કુલપતિશ્રીની મંજૂરીથી યુનિવસિર્ટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

જા.નં.નકૃયુ/વિશિનિ/ટી–૨/૩૮૩૨–૪૫/૨૦૧૪
નવસારી તા.૦૪/૦૮/૨૦૧૪

(જી.આર.પટેલ)
**વિસ્તરણ શિક્ષણ નિયામક**

**નકલ જયભારત સહ રવાના પ્રતિ :**

૧. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ સારું.
૨. ફાળવવામાં આવેલ વિષયના આયોજક વિભાગ/કેન્દ્રના વડા તરફ જાણ તથા ઘટતું થવા સારું.

# પરિશિષ્ટ–૧

## વર્ષ ૨૦૧૪–૧૫ ને "કૃષિ વિકાસ વર્ષ" તરીકે ઉજવવા માટે નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવનાર કાર્યક્રમોની રૂપરેખા

**(૧) કૃષિ નિષ્ણાંતોને જુદા જુદા રાજયો તથા દેશોમાંથી બોલાવી વૈજ્ઞાનિકો, અધિકારીઓ તથા ખેડૂતોને જુદા જુદા વિષયો ઉપર લેકચર આપે તે માટે આયોજન કરવું :**

| અ.નં. | વ્યાખ્યાનનો વિષય | સમય (માસ) | સંભવિત લાભાર્થીઓ | | બહારના રાજયો/દેશોમાંથી બોલાવવામાં આવનાર વ્યાખ્યાતાનું નામ અને સરનામું | આયોજક વિભાગ/કેન્દ્ર |
|---|---|---|---|---|---|---|
| | | | પ્રકાર | સંખ્યા | | |
| ૧ | મહિલા સશકિતકરણ કાર્યક્રમ અંતર્ગત સશકત મહિલા–સુખી કુટુંબ–સમૃધ્ધ દેશ | ઓગષ્ટ–૨૦૧૪ | મહિલાઓ | ૧૫૦ | | પ્રોગ્રામ કોર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વ્યારા, જિ.તાપી |
| | | | વૈજ્ઞાનિકો | ૧૦ | | |
| ૨ | કલાઈમેટ ચેન્જ, નેનો ટેકનોલોજી, પ્રિસીઝન ફાર્મીગ અને વેધર ફોરકાસ્ટીંગ | સપ્ટેમ્બર–૨૦૧૪ | ખેડૂતો | ૧૦૦ | | ડીનશ્રી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી |
| | | | વૈજ્ઞાનિકો | ૨૫ | | |
| ૩ | આદર્શ પશુપાલન વ્યવસ્થાપન | ઓકટોબર–૨૦૧૪ | પશુપાલકો | ૧૦૦ | | ડીનશ્રી, વનબંધુ વેટરીનરી કોલેજ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| | | | વૈજ્ઞાનિકો | ૫૦ | | |
| ૪ | માઈક્રો ઈરીગેશન અને દરિયા કાંઠાની ક્ષારિય જમીનની સુધારણા | નવેમ્બર–૨૦૧૪ | ખેડૂતો | ૭૦ | | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન) નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| | | | વૈજ્ઞાનિકો | ૩૦ | | |
| ૫ | હાઈટેક હોર્ટિકલ્ચર | ડીસેમ્બર–૨૦૧૪ | ખેડૂતો | ૧૦૦ | | ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય કોલેજ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| | | | વૈજ્ઞાનિકો | ૪૦ | | |
| ૬ | New Extension Approaches for Transfer of Technology | જાન્યુઆરી–૨૦૧૫ | ખેડૂતો | ૭૦ | | પ્રાધ્યાપક અને વડાશ્રી (વિસ્તરણ શિક્ષણ) ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| | | | વૈજ્ઞાનિકો | ૩૦ | | |

## પરિશિષ્ટ–૨

### (૨) મહિલા ખેડૂતો માટે ખાસ તાલીમ કાર્યક્રમો ઘડવા :

કૃષિ, પશુપાલન અને કુટંબ નિભાવમાં મહિલાઓની અગ્રગણ્ય ભૂમિકાને ધ્યાને લઈને વર્ષ દરમ્યાન મહિલાઓ માટે નીચે મુજબ ખાસ તાલીમ કાર્યક્રમો અને પરિસંવાદોનું આયોજન કરવાનું રહેશે.

| અ.નં. | તાલીમનો વિષય | માસ | પ્રવૃત્તિની સંખ્યા | લાભાર્થીની સંખ્યા | આયોજક અને સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧. | કીચન ગાર્ડનીંગ | ઓગષ્ટ–૨૦૧૪ | ૫ | ૨૦૦ | પ્રોગ્રામ કોર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ/વ્યારા/સુરત/નવસારી /દેડીયાપાડા |
| ૨. | વાડી યોજના હેઠળ ફળાઉ ઝાડોનું વાવેતર | ઓગષ્ટ–૨૦૧૪ | ૫ | ૨૦૦ | પ્રોગ્રામ કોર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ/વ્યારા/સુરત/નવસારી /દેડીયાપાડા |
| ૩. | નાગલીમાંથી બિસ્કીટ, સુખડી અને અન્ય પોષક બનાવટો | સપ્ટેમ્બર–૨૦૧૪ | ૨ | ૬૦ | પ્રોગ્રામ કોર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,વઘઈ, જિ.ડાંગ મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, બેકરી શાળા |
| ૪. | સજીવ ખેતી : જમીન અને પર્યાવરણની સુરક્ષા | સપ્ટેમ્બર–૨૦૧૪ | ૫ | ૨૦૦ | પ્રોગ્રામ કોર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ/વ્યારા/સુરત/નવસારી /દેડીયાપાડા |
| ૫. | મહિલાઓમાં કુપોષણ નિવારણ : પોષણયુકત આહાર અને ઉપાયો | સપ્ટેમ્બર–૨૦૧૪ | ૫ | ૨૦૦ | પ્રોગ્રામ કોર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ/વ્યારા/સુરત/નવસારી /દેડીયાપાડા |
| ૬. | સ્વચ્છ દૂધ ઉત્પાદન અને નફાકારક પશુપાલન | ઓકટોબર–૨૦૧૪ | ૫ | ૨૦૦ | પ્રોગ્રામ કોર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ/વ્યારા/સુરત/નવસારી /દેડીયાપાડા |
| ૭. | અનાજ સંગ્રહની વૈજ્ઞાનિક રીતો | નવેમ્બર–૨૦૧૪ | ૫ | ૨૦૦ | પ્રોગ્રામ કોર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ/વ્યારા/સુરત/નવસારી /દેડીયાપાડા |
| ૮. | ફળ પરિરક્ષણ : ચીકુ ચીપ્સ, ટામેટા કેચઅપ, લીબું સ્કવોશ, શરબતો વિ.ની બનાવટો | ડીસેમ્બર–૨૦૧૪ | ૫ | ૨૫૦ | પ્રોગ્રામ કોર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ/વ્યારા/સુરત/નવસારી /દેડીયાપાડા |
| ૯. | કમ્પોસ્ટ ખાતર/વર્મીકમ્પોસ્ટ તૈયાર કરવું | જાન્યુઆરી–૨૦૧૫ | ૫ | ૨૦૦ | પ્રોગ્રામ કોર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ/વ્યારા/સુરત/નવસારી /દેડીયાપાડા |
| ૧૦. | નાના બાળકોમાં કુપોષણ નિવારણ માટે આંગણવાડી કાર્યકરો માટે માર્ગદર્શક શિબિર | જાન્યુઆરી–૨૦૧૫ | ૫ | ૨૦૦ | પ્રોગ્રામ કોર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ/વ્યારા/સુરત/નવસારી /દેડીયાપાડા |
| ૧૧. | ફૂલોમાં મૂલ્યવર્ધન | ફેબ્રુઆરી–૨૦૧૫ | ૧ | ૨૦ | ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય કોલેજ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| ૧૨. | સામુહિક ગામ ગોબર ગેસ | માર્ચ–૨૦૧૫ | ૩ | ૯૦ | પ્રોગ્રામ કોર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા/સુરત/દેડીયાપાડા |

**નોંધ :** જે તે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર/યોજનાએ ઉપર જણાવેલ કુલ ૧૨ તાલીમ કાર્યક્રમો પૈકી એક–એક તાલીમ ગોઠવવાની રહેશે.